C.C. NO. 1339/2015

## *ORDER BELOW EXH-1.*

આજ રોજ નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામા આવેલ છે અને નામદાર ગુજરાત રાજ્ય કાનુની સેવા સતા મંડળ ના તથા નામદાર જીલ્લા અદાલત ના આદેશ મુજબ આજ રોજ સ્પેશ્યલ સીંટીંગ રાખેલ છે.

સદર કેશનુ રેકર્ડ જોવામા આવે તો કેશ ૨૦૧૫ ની સાલનો હોય આરોપી સામે આક્ષેપીત ગુનો વેચાણ વેરા અધિનિયમ સને –૧૯૭૦ ની કલમ–૭૫(૧)(અ) તથા નિયમ–૭૮(૧૦) હેઠળનો છે. પરંતુ આ ગુન્હાના કામે રેકર્ડ જોતા સદર કામે આરોપી ઘણા લાંબા સમયથી હાજર રહેતા ન હોય આરોપી આ અદાલત તા.૨૫/૦૧/૨૦૨૪ ના રોજ વોરંટ ઈસ્યુ કરેલ. જે વોરંટમાં બજવણી અધિકારીનો શેરો જોતાં આરોપી બહારગામ રહેતો હોય ટ્રાન્સફર કરેલ હોય ત્યારબાદ મુદત તા.૨૩/૦૪/૨૦૨૫ તથા તા.૦૬/૦૬/૨૦૨૫ નું આરોપીને વોરંટ ઈસ્યુ કરેલ જેમાં બજવણી અધીકારીનો શેરો અને તે સાથે સામેલ નિવેદન મુજબ '' કંપની બંધ થઈ ગયેલ હોય''જેથી સદર ઈસમ બીજે કયાંક જતા રહેલ છે હાલમાં કયા રહે છે તેની ખબર નથી તેવા શેરા સાથે પરત ફરેલ છે. આ રેકર્ડ પ્રોસીડીંગ અન્વયે પોલીસ એજન્સી બજવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોય કોઈ નવું સરનામું આરોપીનું રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ ન હોય સદર કેસની સંભવિત સજાની જોગવાઈ જોતાં વેચાણ વેરા અધિનિયમ સને–૧૯૭૦ ની કલમ–૭૫(૧)(અ) તથા નિયમ–૭૮(૧૦)મુજબ સજાની જોગવાઈ છ માસ સુધીની અને રૂા.૨૦૦૦ સુધીનો દંડની હોય, આમ સદર કેસ ઘણા લાબા સમયથી આરોપીની ગેર હાજરીના કારણે પેન્ડીંગ છે જેથી ન્યાયીક કાર્યવાહી આગળ ચાલી શકતી નથી.આથી આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવા બાબતે પોલીસ તંત્રને હવે વધુ તકો આપવી ઉચીત જણાતુ નથી.

**પી.રામચંદ્ર વિ. કર્ણાટક રાજય–૨૦૦૨(૨) જી.એલ.આર પાના નં–૧૫૪૯** ઉપર પ્રસિઘ્ધ થયેલ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામા માનનિય સાત ન્યાયધીશોની ખંડ પીઠે ઠરાવેલ કે ''The criminal courts should exercise their available powers such as those under Section 309, 311,258 of the code of criminal procedure,1973 to effectuate the right to speedy trial" આ ઉપરાંત આપણી નામદાર હાઈકોર્ટના પત્ર નં–૨૯૧૭/૨૦૦૬ તા.૧૭/૧૦/૨૦૦૬ મા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્રારા નીચલી અદાલતોને એવી સુચના આપવામા આવેલ છે કે આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવા

બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યાદીત તકો આપી યોગ્ય કીસ્સામા સી.આર.પી.સી ૨૫૮ અન્વયે મળેલ સતાનો ઉપયોગ કરે.

આથી,કેસની હકીકતો કેસની ન્યાયીક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય તેમજ પોલીસ તંત્ર આરોપીને અદાલત સમાક્ષ હાજર રાખવામા નિષ્ફળ નિવડેલ હોય અને હવે વધુ સમય પોલીસ તંત્રને આપવો ઉચીત જણાતો ન હોય,નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામા આપેલ ગાઈડલાઈનને ધ્યાને લેતા, અત્રેની અદાલતને ફોજદારી કાર્યરીતી સંહીતા ૧૯૭૩ ની કલમ ૨૫૮ ની જોગવાઈ અન્વયે કેશની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચીત જણાઈ આવે છે આથી નીચે મુજબ નો આખરી હુકમ કરવામા આવે છે.

**::હુકમ::**

(૧) ફોજદારી કાર્યરીતી સંહીતા,૧૯૭૩ ની કલમ–૨૫૮ મુજબ આરોપી સામેના કેસની આગળની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામા આવે છે.

(૨) ભવિષ્યમાં આરોપી મળી આવે તો પ્રોસીકયુશન/તપાસ કરનાર અધિકારી રી–ઓપનની અરજી આપી શકશે.

હુકમ આજરોજ તા.૧૪ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૪/૦૩/૨૦૨૬**

**(બી.એમ.ગઢીયા)**
**એડી.ચીફ જયુડી.મેજી.,**
**ધોળકા**
**યુનિક જીજે૦૧૧૭૬**